ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

૬

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૭/૨૦-૨૧/ 302 તારીખ : 25 JAN 2021

**આર.પી.એ.ડી.**

કેસ નં.૬૭/૨૦-૨૧

પ્રતિ,
**શ્રી બેલીમ હનીફભાઈ અનવરભાઈ,**
જમાદાર શેરી,
મું. ડુંડાસ,
તા.મહુવા,
**જી.ભાવનગર.**
**મો.નં. ૯૭૨૩૨ ૬૧૮૬૯.**

**વિષય : ઘર વપરાશનું લાઈટ બિલ પ્રફોર્મા-૧૫ મુજબ આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૩૦/૧૧/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૩/૧૨/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૭/૨૦-૨૧/૪૧૫૭ તા.૦૪/૧૨/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૭/૨૦-૨૧/૫૬ તા.૦૫/૦૧/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૮/૦૧/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૧, મહુવા.**

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૬૭/૨૦–૨૧**

વાદી :– **શ્રી બેલીમ હનીફભાઈ અનવરભાઈ**

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**રજુઆતની તારીખ:– તા.૧૮/૦૧/૨૦૨૧**

હાજર રહયા :– **શ્રી બેલીમ અનવરભાઈ હુસેનભાઈ – (વાદી ના પિતા)**

પ્રતિવાદી :– **શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી બેલીમ હનીફભાઈ અનવરભાઈ, મું.ડુંડાસ, તા.મહુવા, જી.ભાવનગર ની ઘરવપરાશ નું લાઈટ બિલ પ્રફોર્મા–૧૫ મુજબ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૭/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૭/૨૦–૨૧/૪૧૫૭ તા.૦૪/૧૨/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૮/૦૧/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી બેલીમ હનીફભાઈ અનવરભાઈ વતી તેમના પિતા શ્રી બેલીમ અનવરભાઈ હુસેનભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો, વાદીશ્રી અનવરભાઈ ફજુભાઈ, જમાદાર શેરી, મું.ડુંડાસ, તા.મહુવા, જી.ભાવનગર પાસે રહેણાંક ધરાવીએ છીએ.

૧.૨ અમારૂં ઘરવપરાશનું વિજ કનેકશન ઉપર મુજબના સ્થળે આવેલ છે. અમારી પીજીવીસીએલ કચેરી, મહુવા રૂરલ–૧ છે.

૧.૩ અમોને ઝુંપડપટ્ટી સ્કીમમાં વિજ કનેકશન આવેલ છે. અમારે વિજ બિલ ન આવવાથી અમે અમારી વિજ કચેરી મહુવા રૂરલ–૧ માં અવાર નવાર રજૂઆત કરેલ છે. છતાં, બિલ આવેલ નહી. અમારો ધંધો મજૂરી કામનો છે. ગામની વસ્તી એક હજાર થી પંદરસો માણસની છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૪ અમારા ગામમાં ઝુંપડપટ્ટી સ્કીમમાં વિજ કનેકશન આશરે ૫૦ થી ૫૫ વિજ કનેકશન લગાડવામાં આવેલ હતા. તમામ ગ્રાહકોને આઠ વર્ષ કરતા વધારે સમયથી બિલ આવેલ નહી. તમામ ગ્રાહકો અવાર નવાર કચેરીમાં બિલ માટે ધકકા ખાવા છતાં, બિલ આવેલ નહી.

૧.૫ આપ સાહેબ અમારી ફરીયાદ નો અભ્યાસ કરી, માંગણી મુજબ મીટર લગાડેલ તેના પ્રફોર્મા–૧૫ મુજબ ડેટ લગાડી સળંગ દિવસો ગણી બિલ સુધારી વગર વ્યાજે હપ્તા કરી નાણાં સ્વીકારવા બેદરકારો ઉપર પગલા લેવા હુકમ કરવા વિનંતી.

☞ <u>**પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજુઆત છે કે,**</u>

૨.૧ અરજદાર નું નામ – શ્રી હનીફભાઈ અનવરભાઈ બેલીમ

ગ્રાહક નું નામ– અનવરભાઈ ફજુભાઈ

ગ્રાહક નં– ૩૭૦૫૯/૦૫૫૭૬/૨

કેટેગરી– RGPR, 0.5 HP

રીલીઝ તારીખ – ૨૩/૭/૨૦૧૧

પીડીસી તારીખ – ૧૦/૯/૨૦૨૦

૨.૨ વાદી શ્રી અનવરભાઈ ફજુભાઈ, જમાદાર શેરી, મું. ડુંડાસ, તા.મહુવા, જી.ભાવનગર પાસે રહેણાંક હેતુ માટેનું વિજ કનેકશન ધરાવે છે.

૨.૨ વાદીની ઝુંપડપટ્ટી સ્કીમમાં વિજ કનેકશન આવેલ હતું. વાદીને વિજ બિલ ન આવવાથી તેઓએ વિજ કચેરી મહુવા રૂરલ–૧ માં મૌખિક રજૂઆત કરતાં, તેઓને વિજ બિલ મળે તે અંગે કામગીરી કરવામાં આવેલ હતી.

૨.૩ ત્યારબાદ, વાદીને પ્રફોર્મા–૧૫ મુજબ ડેટ લગાડી સળંગ દિવસો ગણી, ૧૧૭૩૦ યુનિટ નું રૂ.૭૦,૯૭૫/૩૩ નું બિલ પ્રાઈવેટ મીટર રીડર દ્વારા રૂ.૮૮,૮૧૦/– નું બિલ બનાવી ગ્રાહકને આપેલ હતું. ત્યારબાદ, સીસ્ટમમાં દિવસો ગણી, પ્રોરેટા મુજબ ગણતરી કરીને રૂ.૫૬,૦૪૯/૭૯ બિલ આપેલ અને બાકીના રૂ.૧૪,૯૨૫/૫૪ તેમના લેઝરમાં તા.૨૫/૩/૨૦૧૮ ના રોજ ક્રેડીટ આપવામાં આવેલ છે. જેનો, ક્રેડીટ આઈ.ડી.નં–૫૭૪૭૨૧૬ છે.

૨.૪ ત્યારબાદ,વાદીને બાકી રહેતી રકમ રૂ.૫૬,૦૪૯/૭૯ ના સરખે ભાગે રૂ.૪૬૭૦/– ના ૧૨ હપ્તા કરી આપેલ હતા. તેઓને અવાર નવાર સદર નકકી કરેલ હપ્તા મુજબ રકમ ભરપાઈ કરવા જાણ કરવામાં આવતી હતી.

૨.૫ વાદી દ્વારા તા.૧/૨/૨૦૧૮ ના રોજ રૂ.૪૦૦૦/–, તા.૫/૪/૨૦૧૮ ના રોજ રૂ.૪૦૦૦/–, તા.૧૧/૬/૨૦૧૮ ના રોજ રૂ.૨૦૦૦/–, તા.૨૧/૮/૨૦૧૮ ના રોજ રૂ.૩૦૦૦/–, તા.૨૨/૧૧/૨૦૧૮ ના રોજ રૂ.૩૦૦૦/–, તા.૪/૩/૨૦૧૯ ના રોજ રૂ.૨૦૦૦/–, તા.૧૯/૭/૨૦૧૯ ના રોજ રૂ.૨૦૦૦/–, તા.૪/૨/૨૦૧૯ ના રોજ રૂ.૨૦૦૦/–, તા.૧૨/૧૨/૨૦૧૯ ના રોજ રૂ.૭૦૦૦/–, તા.૩/૧/૨૦૨૦ ના રોજ રૂ.૨૦૦૦/–ભરેલ હતા.

P.G.V.C.L. Bhavnagar

૨.૬ તે સમય દરમ્યાન, તા.૨૭/૫/૨૦૧૯ ના રોજ આઈ.સી.ચેકીંગ થતાં તેઓનું વિજ જોડાણ પણ ચેક કરવામાં આવતા, તેઓ પણ વિજ ચોરી કરતાં માલૂમ પડેલ, અને તેમને પણ વિજ અધિનિયમની કલમ–૧૨૬ માં બુક કરવામાં આવેલ હતા. આકારણી બિલ નં–૨૧૫૩ તા.૧/૬/૨૦૧૯ થી રકમ રૂા.૨૪૨૯/૪૬ નું પુરવણી બિલ પાઠવેલ હતું.

૨.૭ આમ, ઉપરોક્ત વાદી દ્વારા ભરેલ રકમ તપાસતાં, તેઓ દ્વારા નકકી કરેલ હપ્તાની રકમ નિયમીત ભરેલ નથી તેમજ સદર રકમ ભરવા બાબતે અવાર નવાર વાદીને જાણ કરવામાં આવેલ હતી. છતાં, વાદી દ્વારા સદર રકમ ભરપાઈ ન કરતા, વાદીનું સદર વિજ કનેકશન સી.આર.નં–૧૮૭૫ તા.૪/૩/૨૦૨૦ ના રોજ વિજ મીટર તથા સર્વિસ વાયર ઉતારી લેવામાં આવેલ હતી. જેનો આઉટવર્ડ નં–૧૨૦૪ તા.૧૧/૩/૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ હતી. ત્યારબાદ, વાદીનું વિજ જોડાણ તા.૧૦/૯/૨૦૨૦ ના રોજ કાયમી ધોરણે રદ કરવામાં આવેલ છે.

૨.૮ વધુમાં, વાદીનું સદર વિજ કનેકશન નું મીટર તા.૧૬/૪/૨૦૨૦ ના રોજ મહુવા ડિવિઝન ઓફીસની લેબમાં ટેસ્ટ કરવામાં આવેલ અને જેમાં, મીટર OK બતાવેલ છે.

૨.૯ આમ, વાદી દ્વારા વિજ બિલ ની રકમ ભરપાઈ કરેલ ના હોવાથી, સદર કનેકશન પીડીસી કરેલ છે.

૨.૧૦ સદર આસામીને ત્યાં તા.૮/૧/૨૦૨૧ ના રોજ વિજ ચેકીંગ દરમ્યાન, ચેકીંગ શીટ નં–૧૭૫૬૮ મુજબ કલમ–૧૩૫ અન્વયે, ડાયરેકટ વિજ ચોરી કરતા માલૂમ પડેલ હતા. જેના અનુસંધાને, તેઓને રકમ રૂા.૭૯૪૨/૬૧ નું દંડનીય બિલ તેમજ રૂા.૧૦૦૦/–કમ્પાઉન્ડીગ ચાર્જ નું બિલ આપવામાં આવેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી હનીફભાઈ અનવરભાઈ તેના પિતા અનવરભાઈ ફજુભાઈ ના નામનું ગામ–ડુંડાસ, તા.મહુવામાં ઘરવપરાશનું વિજ જોડાણ ગ્રાહક નં–૩૭૦૫૯/૦૫૫૭૬/૨ થી ધરાવે છે. વાદીને તા.૨૩/૭/૨૦૧૧ ના રોજ ઝુંપડપટ્ટી સ્કીમ માં વિજ કનેકશન આપવામાં આવેલ છે.

૩.૨ પ્રતિવાદીએ વાદીનું તા.૨૩/૭/૨૦૧૧ ના રોજ વિજ જોડાણ ચાલુ કર્યા બાદ, ઓકટો–૨૦૧૭ સુધી વિજ વપરાશ ના કોઈપણ વિજ બિલ વાદીને આપેલ નહી, પ્રતિવાદીએ તા.૮/૧૧/૨૦૧૭ ના રોજ વાદીને પ્રથમ વિજ વપરાશનું બિલ ૧૧૭૩૦ યુનિટ ની વપરાશનું રૂા.૮૮,૮૧૦/– નું આપેલ.

૩.૩ વાદીની ફોરમને કરેલ રજૂઆત મુજબ પ્રતિવાદીએ તા.૨૩/૭/૨૦૧૧ ના રોજ વિજ જોડાણ ચાલુ કર્યા મુજબ તે દિવસથી ગણતરી કરી અને યોગ્ય સ્લેબમાં વિજ બિલ આપવું તેમજ તે વિજ બિલ ના હપ્તા કરી દેવા.

૩.૪ પ્રતિવાદીએ વાદીની રજૂઆત મુજબ ૨૩૦૦ દિવસ એટલે કે, ૭૫ માસના દ્વીમાસિક ૩૭ બિલ મુજબ ના યુનિટના સ્લેબ ગણી અને વાદીને સુધારેલ બિલ રૂા.૫૬૦૪૯/૭૯ નું આપેલું. તેમજ વાદીને વિજ બિલ ભરવા માટે રૂા. ૪૬૭૦/– ના કુલ ૧૨ હપ્તા કરી આપેલ. પરંતુ, વાદીએ વિજ બિલ ના હપ્તા નિયમીત ન ભરતાં, પ્રતિવાદીએ વાદીનું વિજ જોડાણ નું મીટર તથા સર્વિસ તા.૪/૩/૨૦૨૦ ના રોજ ઉતારી અને વિજ જોડાણ કાપી નાંખેલ. તેમજ વાદીને લીગલ નોટીસ આપ્યા બાદ, પ્રતિવાદીએ વાદીનું વિજ જોડાણ તા.૧૦/૯/૨૦૨૦ ના રોજ કાયમી ધોરણે રદ કરેલ.

૩.૫ આ દરમ્યાન,પ્રતિવાદીએ વાદીને તા.૨૭/૫/૨૦૧૯ ના રોજ વિજચોરીમાં પકડાતા,પૂરવણી બિલ રૂા.૨૪૨૯/– નું આપેલ. તેમજ તા.૮/૧/૨૦૨૧ ના રોજ વિજ ચેકીંગ કરી ડાયરેકટ વિજચોરી નું ભારતીય વિજ ધારા મુજબ કલમ–૧૩૫ મુજબ રૂા.૭૯૪૨/– નું પુરવણી બિલ આપેલ.

૩.૬ આમ,વાદીએ તેના વિજ વપરાશના બિલ ના હપ્તા ભરેલ નથી તેમજ વાદીને આપવામાં આવેલ પૂરવણી બિલની રકમ પણ બાકી છે.

૩.૭ વાદીની રજૂઆત મુજબ પ્રતિવાદીએ વાદીને તેના વિજ વપરાશના ૧૧૭૩૦ યુનિટ ની યોગ્ય સ્લેબમાં રૂપાંતર કરી અને તે મુજબના ટેરીફ પ્રમાણે રીવાઈઝડ બિલ રૂા.૫૬,૦૪૯/૭૯ નું કરી આપેલ અને આ રકમ ના હપ્તા પણ કરી આપેલ છે. આથી, ફોરમે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

Grievance Redressal P.G.V.C.L.

-:: હુકમ ::-

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી.એન.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૧૮/૦૧/૨૦૨૧.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.